| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૫/૧૨/૨૦૨૪ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૯૦/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૨ કેસ કરી, ૭૫ વ્યક્તિઓને ઝડપી, ૪૪૫ લીટર દેશી દારૂ, ૧૧૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૬૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૧૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૯૧/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૮૯૨/૨૦૨૪

**નવરંગપુરાઃ** નિમેશાબહેન ધર્મેશભાઇ વન્ડરા (રહે. ફ્લેટ નંબર-૧ સુર્યા એપાર્ટમેન્ટ પુર્નાનંદ આશ્રમ સામે ઇશ્વરભુવન નવરંગપુરા) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૨/૨૦૨૪ બપોરના ૨/૩૦ થી સાંજના ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૯,૨૫,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.એ.દેસાઈ ચલાવે છે.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૧૮૯૩/૨૦૨૪**

**સાયબર ક્રાઈમઃ** જયેશભાઇ હિંમતલાલ દેસાઇ (ઉ.વ.૫૭) (રહે. શિલ્પાલય એપાર્ટમેન્ટ અંજલી સિનેમા પાછળ વાસણા) એ તા.૨૪/૧૨/૨૦૨૪ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે જયેશભાઇ દેસાઇ નાઓ શિલ્પાલય શોપીંગ સેન્ટર ખાતે કરીયાણાની દુકાન ધરાવી ધંધો કરતા હોઈ અને પેટીએમ સ્કેનર વાપરતા હતા. તા.૧૩/૧૨/૨૦૨૪ ના રોજ જયેશભાઇ દેસાઇની દુકાને બે પુરૂષ આવ્યા હતા અને પેટીએમ કંપનીમાંથી આવતા હોવાની ઓળખ આપી જયેશભાઇ દેસાઇને પેટીમ સ્કેનરનો ચાર્જ મહીનાનો ૯૯/- રૂપિયા ચાલતો હોય જે ચાર્જ એક રૂપિયો કરી આપવાની વાત કરી જયેશભાઇ દેસાઇ પાસેથી ડેબીટકાર્ડની માંગણી કરી હતી. પરંતું જયેશભાઇ દેસાઇ પાસે ડેબીટકાર્ડ ન હોવાનું જણાવતા તેઓએ જયેશભાઇ દેસાઇનો મોબાઈલ ફોન લઈ ડેબીટકાર્ડ માટે ઓનલાઈન અરજી કરી હતી. ત્યારબાદ જણાવેલ કે ડેબીટકાર્ડ આવે તો અમને જાણ કરશો તો પેટીએમ કંપનીમાં પ્રોસેસ કરવાની થશે જે અમે કરી આપીશું જેથી અમને કમિશન મળશે અને તમારે પેટીએમનો ચાર્જ એક રૂપિયો થઈ જશે તેમ કહી તેઓનો મોબાઈલ નંબર ૭૦૨૩૬૮૪૭૫૫ આપી વિરેન સુથાર નામ જણાવી જતા રહ્યા હતા. તા.૨૧/૧૨/૨૦૨૪ ના રોજ ડેબીટકાર્ડ આવતા પેટીએમની પ્રોસેસ માટે જયેશભાઇ દેસાઇએ મોબાઈલ નંબર ૭૦૨૩૬૮૪૭૫૫ ઉપર સંપર્ક કરતા બે પુરૂષો જયેશભાઇ દેસાઇની દુકાને આવી પેટીએમની પ્રોસેસ માટે જયેશભાઇ દેસાઇનો મોબાઈલ ફોન અને ડેબીટકાર્ડ માંગતા જયેશભાઇ દેસાઇએ મોબાઈલ ફોન અને ડેબીટકાર્ડ આપ્યા હતા. દરમ્યાન જયેશભાઇ દેસાઇના મોબાઇલ ફોનમાં બેન્કની એપ્લિકેશનનો પાસવર્ડ મેળવી લઈ જયેશભાઇ દેસાઇના બેન્ક ખાતામાંથી રૂપિયા ૫,૯૯,૦૦૦/- ટ્રાન્જેકશન કરી મોબાઇલ ફોનમાં આવેલ ટ્રાન્જેક્શનના મેસેજ ડીલીટ કરી મોબાઇલ ફોનને એરોપ્લેન મોડમાં રાખી જયેશભાઇ દેસાઇને પરત આપી જતા રહી છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.આર.ડાંગર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૯૪/૨૦૨૪**

**ઘાટલોડીયાઃ** પ્રમોદભાઇ મહેશચંદ્ર બાગડે (ઉ.વ.૩૮) (રહે. અભિનંદન સ્વામિ સોસાયટી એચ.બી.કાપડીયા સ્કુલ પાસે મેમનગર) એ અગમ્ય કારણસર તા.૨૩/૧૨/૨૦૨૪ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કમિતભાઇ જયંતીભાઇ ચલાવે છે.

**વટવાઃ** પ્રકાશ નગીનભાઇ ક્રિશ્ચન (ઉ.વ.૩૨) (રહે. પરમેશ્વર પાર્ક બિમલફાર્મ સામે વટવા) એ અગમ્ય કારણસર તા.૨૪/૧૨/૨૦૨૪ બપોરના ૩/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી યુવરાજસિંહ કલુભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી